1. ભારતમાં મુદ્રણકળાની સ્થાપના કોણે કરી હતી ?

- ભારતમાં મુંબઈમાં ભીમજી પારેખ નામના ગુજરાતીએ મુદ્રણકળાની શરૂઆત કરી.

2. ભારતમાં વર્તમાનપત્ર કોણે શરૂ કર્યું હતું?

- ઈ.સ. 1980 માં જેમ્સ ઓગસ્ટસ હિલીએ ‘‘બેંગોલ ગેઝેટ’’ નામનું વર્તમાનપત્ર શરૂ કર્યું હતું.

3. ઇન્ડિયન એસોસિયેશનની સ્થાપનાની કામગીરી કોણે બજાવી હતી ?

- સુરેન્દ્રનાથ બેનરજી અને આનંદ મોહન બોઝ જેવા નેતાઓએ ઇન્ડિયન એસોસિયેશનની સ્થાપનાની કામગીરી બજાવી હતી.

4. કર્યું સૂત્ર ક્રાંતિવીરોમાં પ્રિય બન્યું હતું?

- બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય લિખિત ‘‘આનંદમઠ નવલકથાનું ‘વંદે માતરમ’ ગીત ક્રાંતિવીરોનું પ્રિય સૂત્ર બન્યું હતું .

5. મહાસભાનું પ્રથમ અધિવેશન ક્યાં મળવાનું નક્કી થયું હતું?

- મહાસભાનું પ્રથમ અધિવેશન 25 ડિસેમ્બર, 1885ના રોજ પૂન સાર્વજનિક સભાના આમંત્રણથી પાર્વતી ટેકરી, પેશ્વાબાગ, પૂના મુકામે મળવાની હતી.

6. મહાસભાનું પ્રથમ અધિવેશન ક્યાં મળ્યું હતું?

- મહાસભાનું પ્રથમ અધિવેશન 28 ડિસેમ્બર, 1885ના રોજ મુંબઇની સર ગોકળદાસ તેજપાળ સંસ્કૃત મહાવિદ્યાલયમાં મળ્યું હતું.

7. મહાસભાના ચોથા અધિવેશનના પ્રમુખ કોણ હતાં?

- મહાસભાના ચોથા અધિવેશનના પ્રમુખ જ્યોર્જ પુલ નામના એક અંગ્રેજ વેપારી હતા.

8. બાળગંગાધર ટિળકનો જન્મ ક્યાં થયો હતો ?

- બાળગંગાધર ટિળકનો જન્મ 23 જુલાઈ, 1856ના રોજ મહારાષ્ટ્રમાં રત્નાગીરીમાં થયો હતો.

9. બાળગંગાધરે કયાં વર્તમાનપત્રો દ્વારા નવજાગરણની શરૂઆત કરી હતી ?

- બાળગંગાધરે ‘‘ધી મરાઠા’’ અને ‘‘કેસરી’’ નામના બે વર્તમાનપત્રો દ્વારા નવજાગરણની શરૂઆત કરી .

10. બાળગંગાધર ટિળકે રાષ્ટ્રવાદી ભાવના જાગૃત કરવા કહ્યું કાર્ય કર્યું?

- બાળગંગાધર ટિળકે ગણેશચતુર્થી અને શિવાજી મહોત્સવ જેવા જાહેર ઉત્સવો દ્વારા નવજાગરણની શરૂઆત કરી હતી.

11. બાળગંગાધર ટિળકે ઈ.સ. 1906માં કયું સૂત્ર આપ્યું હતું?

- બાળગંગાધર ટિળ કે ઈ.સ. 1906માં "સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે" એ સૂત્ર આપ્યું હતું .

12. લાલા લજપતરાયનું અવસાન કઈ રીતે થયું હતું?

- લાલા લજપતરાયનું અવસાન સાયમન કમિશનના વિરોધ કરતી વખતે પોલીસ લાઠીચાર્જમાં ઘાયલ થતા તેઓનું અવસાન થયું હતું .

13. બિપીનચંદ્ર પાલનો જન્મ ક્યાં થયો હતો ?

- બિપીનચંદ્ર પાલનો જન્મ બંગાળના સિલહર જીલ્લાના ઢોલ ગામમાં થયો હતો.

14. બિપીનચંદ્ર પાલે કયાં પત્રો શરૂ કર્યા હતાં ?

- બિપીનચંદ્ર પાલે "ન્યૂ ઇન્ડિયા" નામનું સાપ્તાહિક અને વંદે માતરમ નામનું વર્તમાનપત્ર શરૂ કર્યું હતું.

15. સ્વદેશી આંદોલન સમિતિમાં કયા નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો ?

- સ્વદેશી આંદોલન સમિતિમાં સુરેન્દ્રનાથ બેનરજી, બિપીનચંદ્ર પાલ, રાસબિહારી ઘોષ અને અરવિંદ ઘોષ જેવા નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

16. બંગાળમાં રાષ્ટ્રીય શાળાઓ કેમ સ્થાપવામાં આવી?

- બંગભંગની લડતમાં શાળાના વિદ્યાર્થીઓએ આગળ પડતો ભાગ લીધો હતો. આ વિધાર્થીઓને શાળામાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. આથી રાષ્ટ્રીય શાળાની સ્થાપના કરવામાં આવી.

17. મુસ્લિમ લીગની સ્થાપનામાં કાણું મહત્વની ભૂમિકા ભજવી હતી?

- મુસ્લિમ લીગની સ્થાપનામાં મોગામાને, સલીમ ઉલ્લાખ ગવર્નર મિનટો, અને ડનલોપ સ્મિથે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

18. મુસ્લિમ લીગની સ્થાપના પાછળનો મુખ્ય ઉદ્દેશ શો હતો?

- મુસ્લિમ લીગની સ્થાપના પાછળનો મુખ્ય ઉદ્દેશ ભારતની કોમી ખલાસ તોડી હિન્દુ મુસ્લિમ વચ્ચે ફૂટ પાડવાનો હતો.

19. બાળગંગાધર ટિળકે શા માટે હોમરૂલ આંદોલન શરૂ કર્યું?

- બાળગંગાધર ટિળક અને તેમના સાથીદારોને ખાતરી થઈ કે માત્ર બંધારણીય રાજયમંત્રથી ચાલવાનું નથી તેથી દેશને સ્વતંત્ર કરવા હોમરૂલ આંદોલન શરૂ કર્યું.

20. બાળગંગાધરે હોમરૂલની સ્થાપના ક્યારે કરી?

- બાળગંગાધરે 28 એપ્રિલ, 1916માં હોમરૂલ આંદોલનની સ્થાપના કરી હતી.

21. બ્રિટિશ સરકારે કયા વર્તમાનપત્રો પર પ્રતિબંધ મૂક્યા હતાં?

- બ્રિટિશ સરકારે "ધી કોમનવીલ" અને "ન્યૂ ઇન્ડિયા" નામના વર્તમાનપત્રો પર પ્રતિબંધ મૂક્યા હતા.

22. બ્રિટિશ શાસકોએ એની બેસન્ટની ધરપકડ ક્યારે કરી હતી ?

- બ્રિટિશ શાસકોએ એની બેસન્ટની ધરપકડ 15 જૂન, 1917ના રોજ કરી હતી..

23. ચાફેકર ભાઇઓને શા માટે ફાંસી આપવામાં આવી?

- ઈ. સ. 1898માં ચાફેકર ભાઈઓએ પ્લેગ કમિશનર, મિ. રેન્ડ અને એવર્ટનું ખૂન કર્યું. તેથી ચાફેકર ભાઇઓને ફાંસી આપવામાં આવી..

24. ઇન્ડિયન હોમરૂલ સોસાયટીની સ્થાપના કોણએ અને ક્યાં કરી હતી ?

- ઇન્ડિયન હોમરૂલ સોસાયટી"ની સ્થાપના ગુજરાતના શ્યામજી કૃષ્ણ વર્માએ ઇંગ્લેન્ડમાં કરી હતી.

25. મોન્ટફર્ડ સુધારા સાથી સ્વીકાર્ય બન્યા નહિ?

- ગવર્નરોની અસાધારણ સત્તાઓ કોમી મતદાર મંડળો તથા દ્રીરાજય પદ્ધતિની જોગવાઈને લીધે મોન્ટફર્ડ સુધારા સ્વીકાર્ય બન્યા નહિ.